GJGS020040282025

Presented on : 04-10-2025
Registered on : 04-10-2025
Decided on : 15-04-2026
Duration : 11d-06m-00y

**IN THE COURT OF**
**4th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT,VERAVAL GIR SOMNATH**
**(Presided Over by H.J. VASAVDA)**

**CC/2646/2025**
**Exhibit No. 24**

**શ્રી સરકાર ........**
પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુ.ર. નં.
ફર્સ્ટ ૧૧૧૮૬૦૦૪૨૫૦૫૭૫/૨૦૨૫ **......... ફરીયાદી**

**વિરૂદ્ધ**

**જીતેન્દ્ર ઉર્ફે અબ્બાસ ગોવાભાઇ વાયલુ,**
ઉ.વ.૩૧, ધંધો–મજુરી,
રહે. પ્રભાસ પાટણ, મોટા કોળ ીવાડા, દીવાનશેરી, તા.વેરાવળ
જી.ગીરસોમનાથ. **......... આરોપી**

**ગુન્હો પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ ઈ.,૮૧**

---

સરકાર તરફે :- વિ.વ. શ્રી જે.એસ.પરમાર
આરોપી તરફે :- વી.સી.માવદીયા

---

**–:: ચુકાદો ::–**

(૧). આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી તા. ૨૧/૦૭/૨૦૨૫ કલાક ૧૪:૪૦ વાગ્યે પ્ર.પાટણ ભાલકા/ભાલપરા ચામુંડા સોસાયટીમાં પોતાના કબજા ભોગવટાના મકાને ગે.કા. પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો BAGPIPER DELUXE WHISKY PREMIUM QUALITY MANUFACTURED & MARKETED BY KHEMANI DISTIL LE RIES PVT.LTD RINGAN WADA KACHI GRAM ROAD DAMAN FOR SALE IN UT OF DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU ONLY 750 ML કાચની દમણ બનાવટની બોટલો જેના બેંચ નંબર જોતા –0042/1.1.13. MAR 2025/240.00 ની કાળા કલરના પ્લાના અલગ–અલગ પ્લા.ના ઝબલાઓમા પુઠાની પેટી નંગ–૦૪ જે શીલ પેક બોટલો નંગ–૪૮ જે એક બોટલની કિ.રૂ.૧૧૦૦/–

ગણી, કુલ કિ.રૂ.પર,૮૦૦/– નો પોતાના કબજા ભોગવટાના મકાને પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઇ જઇ આ કામના કોલમ નં (૨) મા જણાવેલ નહિ પકડાયેલ આરોપીએ મદદગારી કરી સદરહુ ગુન્હાના કામે કબ્જે કરેલ મુદામાલ પકડાયેલ આરોપીને નં.૦૧ ને પુરો પાડી એકબીજાની મદદગારી કરી પ્રોહી કલમ– ૬૫ ઇ,૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે અને તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદી શ્રી સ.ત. પીયુષભાઇ કાનાભાઈ બારડ, પોલીસ કોન્સ. નોકરી, પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન જી.ગીરસોમનાથવાળાએ પ્રભાસ પાટણ પો.સ્ટે.માં આપતા  સદર ફરીયાદ પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુ.ર.નં.  ફર્સ્ટ ૧૧૧૮૬૦૦૪૨૫૦૫૭૫/૨૦૨૫ થી નોંધવામાં આવેલી અને સદર કામ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હોવાની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). આ કામના આરોપીને સમન્સ બજવણી કરતા તેઓ કોર્ટ સમક્ષ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે, તેઓને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક - ૦૪ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક – ૦૫ થી પ્લી લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩). આ કામમાં ફરીયાદપક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ –ભાવેશભાઇ જેઠાભાઇ કળોતરાની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |
| ૨. | પ્રા.પંચનામું અસલ | ૦૮ |
| ૩. | પંચ સાહેદ– રવિભાઇ રમેશભાઇ જોધાની સોગંદ ઉપરની જુબાની | ૦૯ |
| ૪. | પોલીસ સાહેદ – કૃષ્ણકુમારસીંહ કર્ણસીંહ સોલંકીની સોગંદ | ૧૦ |

| | | |
|---|---|---|
| | ઉપરની જુબાની | |
| ૫. | પોલીસ સાહેદ – અરજણભાઇ મેસુરભાઇ ભાદરકાની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૬. | પોલીસ સાહેદ – કરણસીંહ બાબુભાઇ ચૌહાણની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |
| ૭. | પોલીસ સાહેદ – મહેશભાઇ ગીનાભાઇ ડાભીની સોગંદ ઉપરની જુબાની | ૧૪ |
| ૮. | પોલીસ સાહેદ – રાજદીપસીંહ હમીરભાઇ ઝણકાટની સોગંદ ઉપરની જુબાની | ૧૫ |
| ૯. | ફરીયાદી– પીયુશભાઇ કાનાભાઇ બારડની સોગંદ ઉપરની જુબાની | ૧૬ |
| ૧૦. | અસલ ફરીયાદ | ૧૭ |
| ૧૧. | પોલીસ સાહેદ – રાજેશભાઇ જોધાભાઇ ચૌહાણની સોગંદ ઉપરની જુબાની | ૧૮ |
| ૧૨. | પોલીસ સાહેદ – સુભાષભાઇ માંડાભાઇ બારડની સોગંદ ઉપરની જુબાની | ૧૯ |
| ૧૩. | ત.ક.અ.– હીતેશભાઇ નોંઘણભાઇ બારડની સોગંદ ઉપરની જુબાની | ૨૦ |
| ૧૪. | તપાસનો હુકમ | ૨૧ |
| ૧૫. | એફ.આઇ.આર. | ૨૨ |
| ૧૬. | એફ.એસ.એલ. રીપોર્ટ | ૨૩ |

**(૪).** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સદરહું કેસમાં ફરીયાદી દ્વારા તેમને વધુ કોઇ લેખીત અગર મૌખિક પુરાવો આપવો નથી તેવી હકીકત જણાવી મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ છે.

**(૫).** કેસની ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે

કે,આરોપી તા. ૨૧/૦૭/૨૦૨૫ કલાક ૧૪:૪૦ વાગ્યે પ્ર.પાટણ ભાલકા/ભાલપરા ચામુંડા સોસાયટીમાં પોતાના કબજા ભોગવટાના મકાને ગે.કા. પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો BAGPIPER DELUXE WHISKY PREMIUM QUALITY MANUFACTURED & MARKETED BY KHEMANI DISTIL LE RIES PVT.LTD RINGAN WADA KACHI GRAM ROAD DAMAN FOR SALE IN UT OF DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU ONLY 750 ML કાચની દમણ બનાવટની બોટલો જેના બેંચ નંબર જોતા -0042/1.1.13. MAR 2025/240.00 ની કાળા કલરના પ્લાના અલગ-અલગ પ્લા.ના ઝબલાઓમા પુઠાની પેટી નંગ-૦૪ જે શીલ પેક બોટલો નંગ-૪૮ જે એક બોટલની કિ.રૂ.૧૧૦૦/-ગણી, કુલ કિ.રૂ.૫૨,૮૦૦/- નો પોતાના કબજા ભોગવટાના મકાને પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ આ કામના કોલમ નં (૨) મા જણાવેલ નહિ પકડાયેલ આરોપીએ મદદગારી કરી સદરહુ ગુન્હાના કામે કબ્જે કરેલ મુદામાલ પકડાયેલ આરોપીને નં.૦૧ ને પુરો પાડી એક બીજાની મદદગારી કરી પ્રોહી કલમ- ૬૫ ઈ,૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(૧) ''નકારમાં''

(૨) '' આખરી હુકમ મુજબ''

(૭). દલીલ

બચાવપક્ષના પુરાવાના સ્ટેજ પુરા થયા બાદ ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી જે.એસ.પરમાર તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી ની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૮). **:: કારણો ::**

આમ, સમગ્ર રીતે જોવા જોઈએ તો, આંક - ૦૭ તથા આંક - ૦૯ થી રજુ

થયેલ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક – ૦૮ થી રજુ થયેલ પ્રાથમીક પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદરહું પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાનું જણાવી પોલીસે તેઓની હાજરીમાં કોઈ જગ્યાએ રેઈડ કરી પ્રોહીબીશનનો મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવી આંક – ૦૮ થી રજુ થયેલ પ્રા.પંચનામામા પોતાની પંચો તરીકે સહી ઓળખી બતાવેલ છે. તેમજ પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. સદરહું પંચ સાહેદો પંચનામાની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

(૯). જયારે આંક – ૧૬ થી રજુ થયેલ ફરીયાદી પોલીસ સાહેદ પીયુશભાઈ કાનભાઈ બારડે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી, આરોપીને જોયથી ઓળખતા હોવાનું જણાવી આંક – ૧૭ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે. તેમજ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પો.કર્મચારી કામ સબબ રેઈડમાં જાય તો તેની નોંધ સ્ટેશનડાયરીમાં કરવાની હોય છે,બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, રેઈડ વખતે ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાનું માલીકીનાં આધાર તેઓએ જોયેલા નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી બનાવવાળી જગ્યાએ હાજર હતા નહી, કહેવાતો મુદામાલ આરોપીનાં કબ્જામાંથી મળેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાહનનાં નંબર પોતાની ફરીયાદમાં જણાવેલ નથી, ખાનગી વાહનમા રેઈડ માટે જઈએ તો તેની નોંધ પણ સ્ટેશનડાયરીમાં કરવાની હોય છે, દારૂ–જુગારનાં કેસો કરવાની ઝુંબેશ ચાલતી હોય છે,બનાવવાળી જગ્યાની આજુબાજુનાં રહેતા લોકોનાં નામ ફરીયાદમાં જણાવેલ નથી,તમામ સાહેદો પોલીસ કર્મચારીઓ છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓ રેઈડવાળી જગ્યાએ ગયેલા નથી.

(૧૦). જયારે આંક – ૧૦ થી રજુ થયેલ પોલીસ સાહેદ

કૃષ્ણકુમારસીંહ કર્ણસીંહ સોલંકી, આંક –૧૧ થી રજુ થયેલ પોલીસ સાહેદ અરજણભાઇ મેસુરભાઇ ભાદરકા, આંક– ૧૩ થી રજુ થયેલ પોલીસ સાહેદ કરણસીંહ બાબુભાઇ ચૌહાણ, આંક – ૧૪ થી રજુ થયેલ પોલીસ સાહેદ મહેશભાઇ ગીનાભાઇ ડાભી, આંક – ૧૫ થી રજુ થયેલ પોલીસ સાહેદ રાજદીંપસીંહ હમીરભાઇ ઝણકાટ, આંક – ૧૮ થી રજુ થયેલ પોલીસ સાહેદ રાજેશભાઇ જોધાભાઇ ચૌહાણ તથા આંક – ૧૯ થી રજુ થયેલ પોલીસ સાહેદ સુષાસભાઇ માંડાભાઇ બારડનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો સદરહું પોલીસ સાહેદોએ આ કામગીરીમાં તેઓ સાથે હોવાનું જણાવી આરોપીને જોયેથી ઓળખતા હોવાનું અને તપાસ કરનાર અધિકારી તેઓએ બનાવ સબંધે તેઓએ પોતાનું નિવેદન આપેલ હોવાનું જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પો.કર્મચારી કામ સબબ રેઇડમાં જાય તો તેની નોંધ સ્ટેશનડાયરીમાં કરવાની હોય છે,બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, રેઇડ વખતે ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાનું માલીકીનાં આધાર તેઓએ જોયેલા નથી. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલ જ નથી,આરોપી બનાવવાળી જગ્યાએ હાજર હતા નહી, કહેવાતો મુદામાલ આરોપીનાં કબ્જામાંથી મળેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાહનના નંબર પોતાના નિવેદનમાં જણાવેલ નથી.

**(૧૧).** જયારે આંક – ૨૦ થી રજુ થયેલ ત.ક.અ. હીતેશભાઇ નોંઘણભાઇ બારડનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી સદર ગુન્હાની તપાસ તેઓને સોંપાતા તેઓએ તપાસ સંભાળેલ હોવાનું જણાવી આંક – ૨૧ થી તપાસનો હુકમ રજુ કરેલ છે. તેમજ આંક – ૨૨ થી એફ.આઇ.આર. રજુ કરેલ છે. વધુમાં સદર ગુન્હાની તપાસ દરમ્યાન તેઓએ તા.૨૧/૧૦/૨૦૨૫ નાં રોજ પ્રોહીબીશન એકટની કલમ–૮૧ મુજબનો ઉમેરો થવા માટે નામદાર કોર્ટને યાદી કરેલી તેમજ લાગતા–વળગતા સાહેદોનાં નીવેદનો લીધેલા. આ કામનાં આરોપી જીતેન્દ્ર ઉર્ફે અબ્બાસ ગોવાભાઇ વાયલુંને તા.૨૧/૦૭/૨૦૨૫ નાં રોજ ધોરણસર

અટક કરી કલાક–૧૪:૪૦ વાગ્યે નામદાર કોર્ટમાં રજુ કરેલ. આ કામનાં અન્ય આરોપી રોહીત ઉર્ફે રેમ્બો મળી આવેલ ન હોય જેથી આ કામમાં પુરતી તપાસનાં અંતે આરોપી જીતેન્દ્ર ઉર્ફે અબ્બાસ ગોવાભાઈ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ.આરોપીને કોર્ટમાં હાજર હોય જોયેથી ઓળખતા હોવાનું જણાવેલ છે. વધુમાં ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે, આ કામની તપાસમાં સ્ટેશનડાયરી નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી, પો.કર્મચારી કામ સબબ રેઈડમાં જાય તો જે વાહનમાં જાય તેની નોંધ લોગબુકમાં કરવાની હોય છે, લોગબુકની એન્ટ્રી તપાસનાં કામે કબ્જે કરેલ નથી,બનાવવાળી જગ્યા મોટો વિસ્તાર છે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે, રેઈડમાં કયાં વાહનમાં ગયેલા તેના નંબર ફરીયાદીએ લખાવેલા નથી, રેઈડ વખતે ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરેલ નથી, બનાવવાળી જગ્યાનું માલીકીનાં આધાર તેઓએ મેળવેલા નથી, બનાવવાળી જગ્યાનાં આજુબાજુનાં માણસોનાં નીવેદનો લીધેલા નથી,અન્ય તમામ સાહેદો પોલીસ સાહેદો છે,દારૂ–જુગારનાં કેસો કરવાની ડ્રાઇવ ઉપરી અધિકારી ધ્વારા સુચના આપવામાં આવતી હોય છે,તે કેસો કરવાનાં ટારગેટ આપવામા આવતા હોય છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલ જ નથી,આરોપી બનાવવાળી જગ્યાએ હાજર હતા નહી, કહેવાતો મુદામાલ આરોપીનાં કબ્જામાંથી મળેલ નથી. બનાવવાની જગ્યાએથી પોલીસ સ્ટેશન આશરે ત્રણ –ચાર કીમીના અંતરે છે. તેઓ બનાવવાની જગ્યાએ મોટરસાયકલ તથા ફોર વ્હીલ લઈને ગયેલા.

સદરહું ફરીયાદી, પોલીસ સાહેદો તથા ત.ક.અ.ની જુબાનીને કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી.

**(૧૨).** આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતા રેઈડવાળી જગ્યા મોટો રહેણાંકી વિસ્તાર હોવા છતાં આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે પો.સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ ન હોય તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે માત્ર પો.સાહેદોની જુબાની જ રજુ થયેલ હોય અને તેઓની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ

નથી. વધુમાં આ કામના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોનો સમર્થન આપેલ નથી. જેથી આરોપી પ્ર.પાટણ ભાલકા/ભાલપરા ચામુંડા સોસાયટીમાં પોતાના કબજા ભોગવટાના મકાને ગે.કા. પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો ઇંગ્લીંશ દારૂની કાચની દમણ બનાવટની બોટલો કાળા કલરના પ્લાના અલગ-અલગ પ્લા.ના ઝબલાઓમા પુઠાની પેટી નંગ-૦૪ જે શીલ પેક બોટલો નંગ-૪૮ જે એક બોટલની કિ.રૂ.૧૧૦૦/-ગણી, કુલ કિ.રૂ.૫૨,૮૦૦/- નો પોતાના કબજા ભોગવટાના મકાને પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઇ જઇ આ કામના કોલમ નં (૨) મા જણાવેલ નહિ પકડાયેલ આરોપીએ મદદગારી કરી સદરહુ ગુન્હાના કામે કબ્જે કરેલ મુદામાલ પકડાયેલ આરોપીને નં.૦૧ ને પુરો પાડી એક બીજાની મદદગારી કરી કરેલ હોવાની હકીકતને નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ ન હોય, તપાસવામાં આવેલ નથી. જેથી એક માત્ર ફરીયાદના આધારે અને અન્ય વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે કોઇ સ્વતંત્ર સાહેદો પુરાવાને કામે રજુ નથી. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ રહેલો હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ::-

(૧) આ કામના આરોપી જીતેન્દ્ર ઉર્ફે અબ્બાસ ગોવાભાઇ વાયલુ,ઉ.વ.૩૧, ધંધો-મજુરી,રહે. પ્રભાસ પાટણ, મોટા કોળીવાડા, દીવાનશેરી, તા.વેરાવળ જી.ગીરસોમનાથવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ - ૨૪૮(૧) મુજબ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ – ૬૫ ઈ.,૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાના લાભ સાથે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી. આર. પી. સી. કલમ – ૪૩૭(એ) મુજબ રૂા. ૧૦,૦૦૦/-ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર જામીન છ(૬ ) મહીના સુધી અમલમાં રહેશે.

(૩) આ કામે મુદામાલ પાવતી નં. ૧૨૭/૨૦૨૫ ના કામે રજુ થયેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૫ મી, માહે – એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date : **15 -04-2026**
**VERAVAL**

**(MR. H.J.VASAVDA)**
**4TH ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
**AT ,VERAVAL GIR SOMNATH**
**Judge Code GJ01386**

Visit **ecourts.gov.in** for updates or download mobile app “**eCourts Services**” from Android or iOS